પશ્ચિમી વિદ્વાનો; અને તેમની સમાન જ દૃષ્ટિકોણ અપનાવવાવાળા ભારતીય વિદ્વાનો પણ, વેદોને બહુદેવવાદી માનીને ચાલે છે. અથવા તો પ્રકૃતિપૂજાવાદી માને છે. તેમની આ ધારણા આધુનિક શિક્ષાપ્રણાલી દ્વારા પણ બહુપ્રચારિત થતી રહે છે. તેથી વૈષ્ણવ કિશોરો અને યુવકો ની મનોબુદ્ધિમાં પણ આ વ્યાપક રૂપથી આરૂઢ થતી જાય છે. આવી સ્થિતિમાં આધુનિક શિક્ષિત યુવા જનમાનસમાં વૈષ્ણવી આસ્થાથી વિપરીત વિષ્ણુના બાબતમાં મૂલતઃ કાં તો સૂર્ય જેવા અનેક વેદોક્ત આધિભૌતિક પદાર્થોના પુરાણોદ્વારા દૈવીકરણના વાત ઠંસી જાય છે. અથવા વિષ્ણુ કે તેમના અવતાર રામ-કૃષ્ણ આદિ કુલપરમ્પરાગત શ્રદ્ધાના ભાજન હોવાને કારણે તેમની બાબતમાં કોઇ પણ પ્રકારના ચિન્તન કે ચર્ચા માં ન પડવાની પલાયનવાદિતામાં જ તેઓ પોતાનું હિત માનીને ચાલે છે.

દુનિયાના બધાં દેશોની વચ્ચે વર્તમાન કાલમાં પારસ્પરિક સૂચનાઓંનાં આદાન-પ્રદાનની આધુનિક પ્રણાલી વિકસિત થઇ છે. વ્યાપારિક સામાજિક કે સાંસ્કૃતિક સમ્પર્કોને ઘનિષ્ઠ બનાવનારા સંસારવ્યાપી માધ્યમોંની સુલભતાને કારણે પણ દરેક વ્યક્તિ સ્વયં તેની આસ્થાથી વિપરીત કે અવિપરીત પણ સર્વ પ્રકારની આસ્થાઓંને નિકટતાથી જાણવા કે નિરખવા પણ લાગી છે. કોઇ પણ એક આસ્થાની સાથે, પરન્તુ, પ્રતિબદ્ધ થવાની માનસિકતા હવે ક્ષીણથી ક્ષીણતર થતી જાય છે. અતએવ આવી સ્થિતિમાં પારકી આસ્થા અને પોતાની આસ્થા ની વચ્ચે રહેલી વિભાજકરેખા પણ ઝાંખી પડી હોય તો તે એક સ્વાભાવિક નિયતિ બનતી જાય છે.

**( આધુનિક જીવનશૈલીના કારણે સામે આવતા પડકારો )**

કોઇ ધર્મ કે સમ્પ્રદાય ની મૌલિક આસ્થાની પ્રાથમિક મહત્તાના પછી બીજા ક્રમપર તે આસ્થાને જીવવાવાળા અનુગામિઓંની જીવનશૈલીનો પક્ષ પણ તેટલો જ મહત્ત્વપૂર્ણ હોય છે.

આજે શનૈઃ-શનૈઃ ગ્રામાંચલની જનતા નગરોં ભણી નિષ્ક્રમણ કરવા લાગી છે, નગરોંની જનતા મહાનગરોંની તરફ; તેવી જ રીતે મહાનગરની જનતા વિદેશોંમાં આવ્રજન કરવા લાગી છે. આવી સ્થિતિમાં ગ્રામાંચલીય ફુરસદવાળી જીવનશૈલી શનૈઃ-શનૈઃ વિલુપ્ત થઇ રહી છે. આવી પરિસ્થિતિમાં ધાર્મિક અનુષ્ઠાનોંની જટિલતા તથા બહુકાલસાધ્યતા પણ આધુનિક જીવનશૈલીમાં વ્યવધાન પ્રકટ કરવા લાગી છે.

ઉદાહરણરૂપે પોતાના પારિવારિક ઘરમાં ભગવત્સેવાનું સાંગોપાંગ અનુષ્ઠાન સમ્પન્ન કરીને ત્યારબાદ જ ધંધા કે નૌકરી વગેરેના માટે દોડવું એક કપરું ઉત્તરદાયિત્વ લાગે છે. તદુપરાંત સામ્પ્રદાયિક ધાર્મિક તહેવાર આદિ ઉત્સવોંપર નૌકરીમાંથી છુટ્ટિ ન મળવી અથવા ધંધા-નૌકરી માટે પોતાના આવાસીય સ્થલથી દૂર યાત્રાર્થ જવું પણ અનિવાર્ય બની જાય છે. ત્યાં સામ્પ્રદાયિક આસ્થાપ્રણાલીને અનુરૂપ આવાસ ખાન-પાન આદિની વ્યવસ્થાનું ઉપલબ્ધ ન થવું પણ આસ્થાહ્રાસનું કારણ બનવા લાગ્યુ છે. આ પણ વળી પાછુ સ્કૂલમાં વિતતી બાલ્યાવસ્થાથી લઇને યુવાવસ્થા કે પ્રૌઢાવસ્થા પર્યન્ત ચાલતી વ્યસ્તતા છે. જે ધાર્મિક જીવનશૈલીને વૃદ્ધાવસ્થામાં અવકાશપ્રાપ્તિ બાદ જ, શારીરિક સક્ષમતા જો બચી ગયી હોય તો, સ્વધર્મરૂપે અનુસરણ કરવા શક્ય બની શકે છે.

મહાપ્રભુના જ્યેષ્ઠ આત્મજ 'સાધનદીપિકા' નામક ગ્રન્થમાં કહે છે કે કોઇ પણ દેહધારી પ્રાણીના માટે બધા પ્રકારનાં કર્મોનો ત્યાગ શક્ય ન હોવાથી ભક્તિમાર્ગ મુજબ વર્ણાશ્રમધર્મોને નભાવવાવાળાની ભીતર આસુરાવેશ નથી થતો. આવી સ્થિતિમાં વળી એક બાજું અશક્યપ્રાય બની ચુકેલા વર્ણાશ્રમધર્માનુસારી આહ્નિક કર્તવ્યોં અને શૌચાચારોંને નભાવવા અને બીજી બાજું પ્રાતઃકાલથી લઇને રાત્રી સુધી નવધાભક્તિવાળી ભગવત્સેવાને પણ નભાવવા જતાં ડગલે પગલે અનેકવિધ સ્પર્ધાઓંમાં સંડોવાયેલી જીવનશૈલીનો કાં તો પરિત્યાગ કર્તવ્યરૂપે સ્વીકારવો પડશે. અથવા અનિયતતયા જે કાંઇ પણ જેવું પણ અવઢવ માં બની શકે તેનાથી સન્તોષ માનવો પડશે? મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય યદ્યપિ આપના 'વિવેકધૈર્યાશ્રય' 'કૃષ્ણાશ્રય' 'ચતુશ્લોકી' અને 'ભક્તિવર્ધિની'

આદિ ઉપદેશગ્રન્થોંમા કહે છે કે ભગવાન્‌ની શરણાગતિનો સ્વીકાર કરી, ભગવાન્‌ના પ્રત્યે સર્વાત્મના સમર્પિત થઈ ને ભગવદ્‌ભજનમાં તત્પર રહેવું દેશકાલ કે લિંગ વયોવસ્થા અથવા વર્ણાશ્રમ ની સીમાઓં ન બંધાયેલો આપણો એકમાત્ર પ્રમુખ આત્મધર્મ છે. છતાંપણ તેને નભાવવા જતાં આધુનિક સ્પર્ધા ભરેલી સત્વર જીવનશૈલી નિશ્ચિત જ આડે આવે છે.

**( વૈષ્ણવી આસ્થાની પ્રચાર-પ્રસારશૈલીના સામે આવતા પડકારો )**

ગ્રન્થોપદિષ્ટ સૈદ્ધાન્તિક આદર્શોંથી વિપરીત આજની તારીખમાં વૈષ્ણવ સમ્પ્રદાયે પોતાની આસ્થાના પ્રચાર-પ્રસાર અને નિર્વાહ ના માટે કુલ ચાર પ્રકારનાં ઉપાયોંનો આધાર લેવાતો દેખાય છે :

૧.ભક્તિમાર્ગીય ભજનની રીતિનો દશ્ય-શ્રાવ્ય ભાગવતસપ્તાહોં દ્વારા વ્યાવસાયિક ઉપદેશ.

૨.ભગવત્સેવાની વ્યાવસાયિક ઝાંખિઓંના સાર્વજનિક પ્રદર્શન.

૩.મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની ભારતના વિભિન્ન પ્રદેશોંમાં યાત્રાના દરમ્યાન મુકામોં અર્થાત્ ૮૪ બૈઠકોંની યાત્રા અનુગામી જનતાને કરાવવી અને આવી જ રીતે વ્રજભૂમિના ૮૪ કોસની પણ યાત્રા કરાવવી.

૪.વૈષ્ણવ સમ્પ્રદાયમાં ધાર્મિક દાર્શનિક ઐતિહાસિક સામાજિક ઈતર આસ્થાઓંની સાથે પોતાનીજ આસ્થાનું તુલનાત્મક સ્વરૂપ તથા અન્તમાં આધુનિક યુગના કારણે ઉભરતી સમસ્યા અને પડકારોં નો સામનો કે સમાધાન કેવી રીતે કરવા એ બારામાં કોઈ ઠોસ અનુસન્ધાનપૂર્ણ ચિન્તનાત્મક લેખસામગ્રી પ્રકટ થતી નથી. જુની ચવાયેલી વાતોંને દોહરાવતી લેખસામગ્રી અને કયા ધર્મગુરુએ કયાં કયા સ્થલની પ્રચારયાત્રા કરી તથા કોના પુત્ર કે પુત્રી નો વિવાહ કેટલી સંખ્યામાં અનુગામી જનતાએ કેટલા આનન્દ એવં ઉત્સાહ ની સાથે ઉજવ્યો, બસ આથી અધિક કોઈ પણ સ્થાયી મૂલ્યની લેખસામગ્રી પ્રકાશિત નથી થતી. અલબત્ત, થોડાક ગોસ્વામી મહાનુભાવોંએ પોત-પોતાની વેબસાઈટ્ ખોલી છે પરન્તુ મને નથી લાગતું કે મુદ્રિત પત્રિકાઓંના સ્તરથી કોઈ ઉલ્લેખનીય અન્તર તેનામાં હોય.

આ ચારે પ્રકારનાં આયોજનોંમાં જનતાને આકર્ષિત કરીને દ્રવ્ય એકત્રિત કરી શકાતું હોવાના કારણે આધુનિક ધર્મોપદેશકની આજીવિકાના ઉપાર્જનના તો આ સરલ એવં સફલ ઉપાય માની શકાય. પરન્તુ મૌલિક વૈષ્ણવી આસ્થાના પ્રચાર-પ્રસાર આ પદ્ધતિઓંને કારણે કઈ હદ સુધી અનુગામી જનતાને અનુપ્રાણિત કરવામાં સફલ થયા! તે તો વિચારણીય વિષય લાગે છે. કેમકે સ્વયં અનુગામી જનતા આને કેટલા પર્યાપ્ત માને છે, તેનું વ્યાપક સર્વેક્ષણ કરવું પણ આવશ્યક છે. ક્યાંક એવું તો નથી કે જે અનુગામી વર્ગમાં પોતાના પારિવારિક વાતાવરણના પ્રભાવવશ જે શ્રદ્ધાભાવ પૂર્વસિદ્ધ જ છે તે શ્રદ્ધાભાવના કેવળ મિથ્યા તુષ્ટીકરણથી અધિક આ ઉપાયોંમાં અન્ય કોઈ પણ પ્રકારની પ્રભાવોત્પાદકતા છે જ નહીં. છતાં પણ વૈષ્ણવી આસ્થાના પ્રચાર-પ્રસારમાં જોડાયેલા વર્ગને આત્મત્રાણનો એકમાત્ર ઉપાય આ લાગતો હોવાને કારણે, આનાથી અધિક કઈ ન કરી શકવાની કોઈ વિવશતામાત્ર પણ આ હોઈ શકે છે. અર્થાત્ આનામાં કોઈ પણ પ્રકારના પુરુષાર્થ જેવું કાંઈ ન પણ હોય. આ આયોજનોંમાં, નિઃસન્દેહ, શ્રોતા દર્શક યાત્રી કે પાઠક ના રૂપમાં સમ્મિલિત થનારી જનતાની અન્દર ધાર્મિક ભાવનાનો તાત્કાલિક ઉત્સાહ તો ભરપૂર ઝલકાતો તેમજ છલકાતો પણ લાગે છે! એવું તો જોઈ શકાય છે. આ ઉપરાન્ત, પરન્તુ, સ્થાયી આધ્યાત્મિક કે આધિદૈવિક પ્રભાવ કે નિષ્ઠા દઢ થાય તે બાબતમાં આશાની કોઈ પણ કિરણ આનામાં ફૂટતી દેખાતી તો નથી જ.

**( વૈષ્ણવી ધર્મસંસ્થાઓંમાં ધાર્મિક અધિકાર અને કર્તવ્યોંના નિર્વાહ તથા સમાયોજન ની શૈલી અને પડકારો )**

વૈષ્ણવ સમ્પ્રદાયમેં ધર્મસંસ્થાના નામે [ક]ભારત તથા વિદેશોં માં સ્થાપિત ઘણાં બધા સાર્વજનિક દેવાલયો, [ખ]મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય શ્રીપ્રભુચરણ શ્રીનાથજી આદિની સો-સવાસો જેટલી બૈઠકો, [ગ]કેટલાક ગ્રન્થ એવં માસિક

પત્રિકાઓં ના પ્રકાશનગૃહ, [ઘ]પોતે અનુગામી જનતામાંથી કાંઈક જે તે ગ્રન્થ વાંચીને સત્સંગ કરાવવાવાળા વૈષ્ણવજનોંના સત્સંગમણ્ડલ અને [ઙ]અન્તમાં તથાકથિત અન્તરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ જેવી ધાર્મિક સંસ્થાઓ કાર્યરત છે.

[ક]આમાં જ્યાં સુધી દેશ-વિદેશસ્થિત સાર્વજનિક દેવાલયોનો પ્રશ્ન છે તો, તેમાં કર્મચારી વર્ગ પોતે વસ્તુતઃ કેટલો વૈષ્ણવ સમ્પ્રદાય સિદ્ધાન્ત અને આદર્શોં માં આસ્થાશીલ છે અથવા કેટલો કેવળ અન્ય કોઈ પણ પ્રકારની નૌકરી કરવાને લાયક ન હોવાને કારણે કેવલ આર્થિક લાભની દૃષ્ટિથી તુલસીની કણ્ઠી પહેરાવેલી હોવાને કારણે આ દેવાલયોંદ્વારા ઉપાર્જિત દ્રવ્યથી પોતાના પરિવારની પુત્ર-પુત્રિયોંને ભણાવી-ગણાવી ને તેમને ક્યાંક આ ત્રાસદાયક પરિસ્થિતિમાં ફસાવું ન પડે એવી વિવશતાને કારણે સંડોવાયેલો છે. આ નિશ્ચિત કરવું એટલમાટે મહત્ત્વપૂર્ણ બની જાય છે કારણ કે આવી સ્થિતિમાં જે સંસ્થાને આસ્થાના પ્રચાર-પ્રસાર-નિર્વાહાર્થ સર્વાધિક કાર્યરત રાખવામાં વૈષ્ણવ સમ્પ્રદાયનું ધનબલ જનબલ અને સમયશક્તિ કે ક્રિયાશક્તિ વપરાઈ રહી છે સ્વયં તે જ ધાર્મિક સંસ્થાને કાર્યભારી વ્યક્તિઓંનું કેવલ નૌકરીપેશા માણસોને ભરોસે ચલાવવું એ આ સમ્પ્રદાયના આસ્થાદારિદ્ર્યનું બહુ મોટું પ્રમાણ માની શકાય. જે ભગવત્સેવાની અધિકારિતાને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે જાતિ-વર્ણ-આશ્રમ-લિંગ-ના પ્રભેદોંના બન્ધનથી મુક્ત રાખવા ચાહી તે જ ભગવત્સેવાના સંસ્થાકીય સ્વરૂપમાં બ્રાહ્મણવર્ણને અનિવાર્ય માનવાની ભ્રાન્તિને વશ આ સમ્પ્રદાયના સિદ્ધાન્તોંમાં નિષ્ઠાશીલ જનતાને કેવલ દર્શનાધિકારી માનીને બહિષ્કૃત કરવામાં આવી રહી છે.

[ખ]મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય શ્રીપ્રભુચરણ આદિની બેઠકોના બાબતમાં એક દારુણ વાસ્તવિકતા આ પણ છે કે અધિકાંશ આ બેઠકો ઠેકેદારીપર ઉઠાવવામાં આવતી હોવાને કારણે વૈષ્ણવોંના યાત્રાકાલની અવધિમાં ખોલવામાં અને ચલાવવામાં આવે છે. અન્યથા બંધ જ રહે છે. ઠેકેદાર જેઓ ઠેકાપર બેઠકો લે છે તેમને પોતાની નિવેશિત પૂંજીના આધારે કાંઈક કમાઈ લેવા સીવાય સમ્પ્રદાય કે સિદ્ધાન્ત પરમ્પરા કે આસ્થા ની સાથે કાંઈ પણ લેવા-દેવાનું હોતું નથી. મને નથી લાગતું કે અન્ય કોઈપણ ધર્મસમ્પ્રદાયનાં દેરાસર મન્દિર ગુરુદ્વારા ચર્ચ કે મસ્જિદ-મકબરા આ પ્રકારના આસ્થાહીન કર્મચારિયોં કે આર્થિક ઠેકેદારી લેવાવાળાઓ દ્વારા ચલાવામાં આવતા હશે! આ ખરેખર ઐતિહાસિક અને કેટલીક કપોલકલ્પિત તથ્યોંના આધારપર ઘોષિત પવિત્ર સ્થળોની આવી દુર્ગતિ વૈષ્ણવી આસ્થાને માટે ખરેખર ગમ્ભીરતમ પડકાર છે.

[ગ]ગ્રન્થ અને ત્રૈમાસિક/માસિક/પાક્ષિક પત્રિકાઓં ના પ્રકાશનગૃહોં ની બાબતમાં ધાર્મિક સાર્વજનિક ન્યાસ યા નિજી સંસ્થાઓંનું નામ તો કેવલ કાનૂની આવશ્યકતાના આધારપર અપાય છે હૈ અન્યથા એકલવ્યક્તિપુરુષાર્થ (oneman's show) માનવું જ અધિક ઉપયુક્ત લાગે છે. તો પણ કેમકે આમાં સિદ્ધાન્તબોધથી મણ્ડિત કે વિરહિત પણ નિષ્ઠાશીલ અનુગામી જનતા જોડાયેલી હોવાથી એકસૂત્રતા ન હોવાની તકલીફ ઉપરાંત આસ્થાના પોષક અને નિર્વાહક તો બની શકે છે. તો પણ ગ્રન્થ કે પત્ર-પત્રિકા ના મુદ્રણ-પ્રકાશન અને વિતરણ ની પ્રક્રિયામાં પરસ્પર સંવાદિતા ન હોવાને કારણે અનપેક્ષિત પુનર્મુદ્રણ અવિતરણ, વિતરણાપેક્ષી જનતામાટે સરલતાથી ઉપલબ્ધ ન હોવું, આવી બીજી પણ કેટલિક દુવિધાઓ એકસૂત્રતાના થોડાક પ્રયાસના દ્વારા દૂર કરી શકાય તેમ છે.

[ઘ]આ વ્યક્તિપ્રધાનતાના આધારે ચાલતા એટલેકે અરાજકતાની મનોવૃત્તિવાળા આ અગણિત સત્સંગમણ્ડલોંનું ન તો કોઈ ઉત્તરદાયિત્વપૂર્ણ વૈધ સ્વરૂપ છે અને ન તો એ ખબર પડે છે કે આમના દ્વારા વૈષ્ણવસમ્પ્રદાયની આસ્થાના પ્રચાર-પ્રસાર-નિર્વાહમાં ખરેખર કેટલો સાચી દિશામાં પ્રયાસ થઈ રહ્યો છે અને કેટલો આવા સત્સંગમણ્ડલોના બહાને વૈષ્ણવી આસ્થાના છદ્મદ્વેષી અથવા અન્યાન્ય ક્ષુદ્ર પ્રયોજનોંને વશ પાખંડ ફેલાવવાવાળા દુર્ભાવયુક્ત જનો પણ આ કાર્યમાં જોડાયેલા છે.

[ઙ]આ સંસ્થા વિગત સો-સવાસો વર્ષોંથી ચોક્કસ જીવિત છે પરન્તુ ન તો આ સંસ્થામાં પ્રતિવર્ષ

પારિત થતાં પ્રસ્તાવોંની કાર્યપૂર્તિ થાય છે કે ન તો આ સંગઠનનો કોઈ નિશ્ચિત જનાધાર જ હજી સુધી પ્રકટ થઈ શક્યો છે. આ સંસ્થાના વાર્ષિક મહાસમ્મેલનોંના આયોજનાર્થ પણ વ્રજયાત્રામાં એકત્રિત થયેલ યાત્રી વૈષ્ણવોંની જનમેદિનીના મુખાપેક્ષી રહેવું પડે છે. જો પણ સ્મારકગ્રન્થ કે સ્મારિકા પત્રિકા આનાદ્વારા પ્રકાશિત થાય છે તેમાં એકસૂત્રતાનો નિતાન્ત અભાવ છે. એક વાર તો પોરબન્દરના કોઈ કાર્યક્રમમાં અમે લોકો સમ્મિલિત થનાર હતા તેથી ત્યાં આની શાખાનું ઉદ્‌ઘાટન મારા હાથે કરાવવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો તે મુજબ સ્વીકૃતિપ્રદાન કરીને મેં તે શાખાના ઉદ્‌ઘાટનની સભામાં ઉદ્‌બોધન કરીને શાખાના સ્થાનીય પ્રમુખ શાખાના મંત્રી તથા કોષાધ્યક્ષોં ના નામ પણ ઘોષિત કરી દીધા. ત્યારબાદ તે ઉદ્‌ઘાટનસભામાં ઉપસ્થિત અન્ય કોઈ ત્રણ મહોદયોંએ ભરી સભામાં મને પુછ્યું કે હવે અમારુ શું કર્તવ્ય બાકી રહી ગયું? મેં કહ્યું પોરબંદરશાખાના પદાધિકારી જે ઘોષિત થયાછે તેમની સાથે મળીને કઈ રીતે સહયોગ કરી શકાય, તે નિર્ધારિત કરિ લેવું જોઈએ. ત્યારે જઈને ત્રણે મહાપુરુષોંએ પોતાનું મૌન તોડીને મને સૂચના આપી કે ત્રણ વર્ષ પેહલા તેમને પણ આ જ પરિષદ્‌ની આ જ શાખાના પ્રમુખ મંત્રી અને કોષાધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. તેથી તેમના તે પદાધિકારને હવે ચાલુ માનીને સહયોગ આપવો કે સમાપ્ત જાણીને સાધારણ કાર્યકર્તાના રૂપમાં સહયોગ આપવો! મારીતો ઉદ્‌બોધનશક્તિ જ કુણ્ઠિત થઈ ગયી! તેથી હું ભરી સભામાં એમ કહીને ખસિ ગયો કે ‘‘એ ન પૂછો કે અન્તરરાષ્ટ્રિય પરિષદ્ તમારાથી કેવો સહયોગ ચાહે છે તમે સ્વયં બતાવો કે તમે તેને કેવો સહયોગ આપી શકો છો!’’

પ્રત્યેક ધર્મ-સમ્પ્રદાયોંમાં આચાર્યસંસ્થાનું આ પરમ કર્તવ્ય એવં અધિકાર હોવો જ જોઈએ કે તે ધર્મ-સમ્પ્રદાયની આસ્થાને અનુરૂપ ગુરુપદ કે આચાર્યપદ પર આસીન થવાવાળા વ્યક્તિઓં વંશવારસાગત રીતે કે શિષ્યપ્રણાલીના આધારે તે ધર્મ-સમ્પ્રદાયની આસ્થાના મુજબ સ્વાધીત હોવું, સ્વસિદ્ધાન્ત અને સ્વકર્તવ્ય ના પ્રતિ જાગરુક નિષ્ઠાશીલ હોવું તથા અનુગામી જનતામાં તે આસ્થાના પ્રચાર-પ્રસાર-નિર્વાહના માટે તત્પર પણ હોવું. આ પરન્તુ વૈષ્ણવ ધર્મસમ્પ્રદાયમાં આસ્થાશીલોંના દુર્ભાગ્યને કારણ આ સમ્પ્રદાયમાં ગુરુપદ કે આચાર્યપદ પર આસીન થવાવાળા પુરુષોંમાં આમાંથી કોઈપણ એક કસોટીપર યોગ્યાયોગ્ય હોવાના નિર્ધારિણ કરી શકાય તે માટે ન તો કોઈ પ્રક્રિયા ઉપલબ્ધ છે, ન વ્યવસ્થા કે વિધિ ઘડવામાં આવી છે; અને ન ગુરુપદના દાવેદાર આવી કોઈ પણ આચારસંહિતાના અનુમોદનાર્થ સાહસ ધર્મનિષ્ઠા અને સ્વાર્થપૂર્તિના વૃત્તથી બહાર નિકળવાની ઉદારતા પ્રકટ કરી શકે છે. મને તો સર્વાધિક ગમ્ભીર પડકાર આધુનિક યુગમાં વૈષ્ણવી આસ્થાની સામે સુરસા રાક્ષસીની માફક મોઢું ખોલી ઉભેલો આ જ લાગે છે.

---------+--------

ગોસ્વામી શ્યામ મનોહર, ૬૩, સ્વસ્તિક-સોસાયટી, ૪થા રસ્તા, જુહુસ્કીમ, પારલે, મુંબઈ : ૪૦૦૦૫૬.